કચેરી :- ૦૨૬૧-૨૪૫૫૩૦૧ થી ૨૪૫૫૩૦૪
અધ્યક્ષશ્રી :- ૦૨૬૧-૨૪૨૦૩૨૦
શાસનાધિકારી : (ઓ) ૦૨૬૧-૨૪૨૦૩૨૨
ઈ-મેઈલ :- info@msbsurat.in
વેબસાઈટ :- www.municipalschoolboardsurat.org

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત.

ગોપીપુરા, પારસીવાડ, સુરત. - ૩૯૫૦૦૧

નંબર:-૫૬૦૯ - 

તા.૦૧/૧૦/૨૦૧૮

પ્રતિ,
મુખ્ય શિક્ષકશ્રી/આચાર્યશ્રી
તમામ શાળા.

વિષય :- મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતિની ઉજવણીનાં ભાગરૂપે વિવિધ કાર્યક્રમો અને સ્પર્ધાઓ યોજવા તેમજ તા.૦૨/૧૦/૨૦૧૮ નાં રોજ તમામ શાળાઓ ચાલુ રાખવા બાબત..

સંદર્ભ :- (૧) માન.પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, નિયામકશ્રીની શાળાઓની કચેરી તેમજ નિયામકશ્રી જી.સી.આર.ટી. – ગાંધીનગર સંયુક્ત પત્ર ક્રમાંક :- જીસીઈઆરટી/કલાઉત્સવ/ ૨૧૦૭૦- ૨૧૧૬૦/૨૦૧૮, તા.૧૪/૦૯/૨૦૧૮ અને પત્ર ક્રમાંક જીસીઈઆરટી/ગાંધીજયંતિ/૨૧૫૨૯-૨૧૬૦૯/ ૨૦૧૮, તા.૧૭/૦૯/૨૦૧૮
(૨) અત્રેની કચેરીનો પત્ર નં :- ૫૫૬૭ તા. ૨૮/૦૯/૨૦૧૮

ઉપરોક્ત વિષય અને સંદર્ભો અન્વયે જણાવવાનુ કે સંદર્ભ દર્શિત પત્રોથી રાજ્યમાં આવેલી તમામ પ્રાથમિક શાળાઓમાં મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતિની ઉજવણી કાર્યક્રમનાં ભાગરૂપે મહાત્મા ગાંધીજીનાં આદર્શો, વિચારો અને મૂલ્યનો આવનારી પેઢીમાં અસરકારક રીતે પ્રચાર-પ્રસાર થાય તે હેતુથી તા.૦૨/૧૦/૨૦૧૮નાં રોજ જિલ્લાની તમામ શાળાઓ ચાલુ રાખી નીચે દર્શાવ્યા મુજબનાં કાર્યક્રમો કરવાનાં રહેશે.

ઉક્ત ઉજવણી ભાગરૂપે તા.૦૨/૧૦/૨૦૧૮નાં રોજ તમામ શાળાઓનો સમય સવારના ૦૭:૦૦ થી ૧૨:૦૦ કલાકનો રાખવાનો રહેશે. ધો.૧થી૮નાં તમામ શિક્ષકોએ હાજર રહેવાનુ રહેશે તથા ધો. ૬ થી ૮ નાં તમામ વિદ્યાર્થીઓને હાજર રાખવાનાં રહેશે. (નોંધ :- આ કાર્યક્રમ જાહેર રજાનાં દિને હોય શાળાનાં તમામ હાજર શિક્ષકોને શૈક્ષણિક કાર્ય પર અસર ન પડે તે રીતે દિન એકની વળતર રજા શાળા કક્ષાએથી આપવાની રહેશે.)

-:: કાર્યક્રમોની સૂચિ ::-

| તારીખ | કાર્યક્રમની વિગત | સમય/ભાગ લેનાર |
|---|---|---|
| તા.૦૨/૧૦/૨૦૧૮ | • પ્રભાત ફેરી | ૦૭:૦૦ થી ૦૮:૦૦ (શાળાનાં તમામ વિદ્યાર્થીઓ / સ્ટાફ એસ.એમ.સી. સભ્યો) |
| | • સર્વધર્મ પ્રાર્થના | ૦૮:૦૦ થી ૦૯:૦૦ (તમામ) |
| | • મહાત્મા ગાંધીજીનાં વિચારોનું વાંચન (કોઈ પ્રવચન નહિં) | ૦૯:૦૦ થી ૧૦:૦૦ |
| | • ગાંધી ગીતો / ભજનો | ૧૦:૦૦ થી ૧૦:૪૫ |
| તા.૦૪/૧૦/૨૦૧૮ | • ચિત્રકલા / કાવ્ય / નિબંધ અને વકતૃત્વ સ્પર્ધા | ધો. ૬ થી ૮ નાં વિદ્યાર્થીઓ (શાળા કક્ષાએ) |

તા.૦૨/૧૦/૨૦૧૮ નાં રોજ શાળાનાં કાર્યક્રમ પૂર્ણ થયા બાદ સ્વચ્છતા પખવાડા દરમ્યાન સફાઈ કરેલ શહેરનાં સૌથી ગંદા વિસ્તારની મુલાકાત લઈ આ વિસ્તારો કાયમી સ્વચ્છ રહે તે માટેનાં સંદેશ આ વિસ્તારોનાં રહીશોનાં સમજાવી અંગેનાં કાર્યક્રમ યોજવાના રહેશે.

આ અંગેનો વિગતવાર અહેવાલ સી.આર.સી મારફત યુ.આર.સીને અને યુ.આર.સી મારફત અત્રે મોકલવાનો રહેશે.

(સહી)
શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ
સુરત